**<u>ફોજદારી કેસ નં. ૫૭૬૦/૨૦૧૦ ના કામે આંક–૧ તળેનો હુકમ</u>**

૧. આ કામે નાયબ એપ્રેન્ટીસશીપ સલાહકાર અને ટ્રેડ ટેસ્ટીંગ ઓફીસર કે જેઓ ધી એપ્રેન્ટીસ એકટ ૧૯૬૧ મુજબ આ કાયદાના ભંગ બદલ ફરીયાદ દાખલ કરવાની સત્તા ધરાવે છે અને તેઓએ આ કામના આરોપીઓ સામે એપ્રેન્ટીસ એકટ ૧૯૬૧ ની કલમ ૩૨ ને સાથે વાંચતા કલમ ૩૦(૧) (સી) મુજબ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ દાખલ કરેલી છે. સદરહું ગુનામાં ફરીયાદી પોતે રાજય સેવક હોઈ તેઓએ રાજય સેવકની રૂએ સદરહું ફરીયાદ દાખલ કરેલ છે.

૨. સદરહું ગુનામાં રેકોર્ડ જોતાં સદરહું કેસ સને. ૨૦૧૦ ના વર્ષનો છે .સદરહું કેસમાં સંખ્યાબંધ પ્રયત્નો કરવા છતાં આરોપીને બજવણી થઈ શકેલ નથી. રેકર્ડ ધ્યાને લેતાં ફરીયાદી ઘણા લાંબા સમયથી એટલે કે છેલ્લા ૧૧ વર્ષથી હાજર રહેલ નથી. જેથી આ તબકકે સી.આર.પી.સી. ની કલમ ૨૫૬ ની જોગવાઈ ધ્યાનમાં લેવી જરૂરી છે. ***''(૧) <u>સમન્સ ફરીયાદ ઉપરથી કાઢેલ હોય અને આરોપીને હાજર થવા માટે નકકી થયેલા દિવસે અથવા ત્યાર પછીના જે દિવસ ઉપર સુનાવણી મુલતવી રાખવામાં આવે તે દિવસે ફરીયાદી હાજર ન થાય તો આમા પહેલા ગમે મજકુર હોય તે છતાં મેજીસ્ટ્રેટ કોઈ કારણસર કેસની સુનાવણી કોઈ બીજા દિવસ ઉપર મુલતવી રાખવાનું પોતાને યોગ્ય લાગે તે સિવાય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈશે</u>. પરંતું ફરીયાદી વતી કોઈ વકીલ કે ફોજદારી કામ ચલાવનાર અધિકારી રજુઆત કરી રહયા હોય ત્યારે અથવા મેજીસ્ટ્રેટનો અભિપ્રાય એવો થાય કે ફરીયાદીએ જાતે હાજર રહેવાની જરૂર નથી તો મેજીસ્ટ્રેટ તેની હાજરી વિના ચલાવી લઈ કેસની કાર્યવાહી કરી શકશે. (૨) પેટા કલમ(૧) ની જોગવાઈઓ શકય હોય તેટલે સુધી ફરીયાદીની ગેરહાજરી તેના મૃત્યુને લીધે હોય ત્યારે પણ લાગુ પડશે. ''***

સદરહું ગુનો સમન્સ ટ્રાયેબલ ગુનો છે અને સદરહું ગુનામાં સજાની જોગવાઈ જોતાં વધુમાં વધુ છ માસની સજાની તથા દંડની જોગવાઈ છે. સદરહું ગુનામાં ફરીયાદી તરફથી ઘણા લાંબા સમયથી કોઈ જ કાર્યવાહી કરવામાં આવેલ નથી કે ફરીયાદી તરફે કોઈ કયારેય હાજર રહેલ નથી. આથી, સદરહું કેસ આગળ ચલાવવામાં ફરીયાદીને કોઈ રસ હોય તેમ જણાતું નથી. આ ઉપરાંત એ હકીકત પણ નોંધપાત્ર છે કે હાલના ડીઝીટલ એરા માં કોઈપણ વ્યક્તિ પોતાનો કેસ કઈ અદાલતમાં , કઈ તારીખે , ક્યા સ્ટેજે ચાલે છે તે આંગળીના ટેરવે જાણી શકે છે આમ છતા ફરીયાદી તરફે પોતાનો કેસ ચલાવવાની કોઈ દરકાર લીધેલી નથી જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

- ફરીયાદીની ફરીયાદ સી.આર.પી.સી. ની કલમ ૨૫૬ હેઠળ ફરીયાદીની સતત ગેરહાજરીના કારણે કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૧ માહે– ડીસેમ્બર, સને–૨૦૨૧ ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૧/૧૨/૨૦૨૧
મુ.અમદાવાદ

( મિતેષચંદ્ર વિનોદકુમાર પટેલ)
UIC NO GJ 01047
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.